# પૈસા

*When it is a question of money,*
*everybody is of the same religion*

***- Voltaire***

ફ્રેંચ ફિલસૂફ વૉલ્ટેર કહે છે કે પૈસાની વાત આવે ત્યાં દરેક જણ એક જ ધર્મનો થઈ જાય છે! આદિકાળથી માણસને ધનની ભૂખ રહી છે તે આપણે જાણીએ છીએ, પણ અત્યારે તો ધનની ભૂખ એક ઝનૂનમાં ફેરવાઈ ગઈ હોય એવું નથી લાગતું?

નાણાં માટે કોઈ ખૂન કરે, કોઈ વિશ્વાસઘાત કરે, ગમે તેવું ખોટું કામ કરે. સામાન્ય માણસોની બાબતમાં આ બધું સમજાય. એમાં ક્યાંક ને ક્યાંક અંગત જીવનની લાચારી સંભવી શકે છે, પણ જ્યારે કરોડો રૂપિયાની હેરાફેરી અને ગોલમાલ મોટા માણસો કરે ત્યારે શું કહેવું? વાડ ચીભડાં ગળે પછી શું બચે?

અત્યારે આપણા દેશમાં જાણે કે વ્યાપક ભ્રષ્ટાચારનું મોટું ધુમ્મસ ઊતરી આવ્યું છે. ચહેરા બરાબર ઓળખી શકાતા નથી. કોઈ ને કોઈ ચહેરો ઓળખાય ત્યારે આંચકો લાગે છે. આવા મોટા માણસો આટલી હદે શા માટે જતા હશે? ચૂંટણીના ખર્ચા માટે? કોઈ પણ રીતે સત્તા મેળવવા અને ટકાવવા માટે?

રાજપુરુષોની મજબૂરી જ હોય તો પણ ઉચ્ચ અમલદારોનું શું? સત્તાધીશની કૃપા ટકાવી રાખવા માટે જ તેઓ આટલી હદે જાય તે ગળે ઊતરે તેવી વાત નથી.

દેશ કરોડો રૂપિયા ગુમાવી રહ્યાની આપણી ખોટ મોટી કહેવાય. જૂના જમાનામાં કહેવાતું કે જેનો રાજા વેપારી, તેની પ્રજા ભિખારી! આજે હવે લોકશાહીમાં એવું જ કહેવાય કે જેના શાસકો ભ્રષ્ટાચારી એ પ્રજા બિચારી ભિખારી!

કરોડો રૂપિયાનું નુકસાન ઘણું મોટું હોવા છતાં તેનાથી પણ વધુ મોટું નુકસાન બીજું એક છે, જે સૌથી મોટું નુકસાન લોકશાહી તંત્રમાં સામાન્ય પ્રજાની શ્રદ્ધાને પહોંચેલી ઠેસનું થયું એ છે. એવું લાગે છે કે પ્રજાતંત્રની બાબતમાં સામાન્ય લોકો ‘નાસ્તિક’ બનતા જાય છે. તેમની આ રાજકીય નાસ્તિકતા મતદાન પ્રત્યેની ઉદાસીનતા રૂપે ઠેરઠેર જોવા મળે છે. સામાન્ય લોકો રાજપુરુષો અને ઉચ્ચ અમલદારોને સંડોવતાં કરોડો રૂપિયાનાં કૌભાંડોની મસાલેદાર અખબારી સામગ્રી વાંચીને કડવાશથી કહે છેઃ “આઝાદીની લડાઈમાં ભારતના નવલોહિયા યુવાનોએ આ દિવસ માટે પ્રાણની આહુતિ આપી હતી? ઉચ્ચ સ્થાનોનો મોહ છોડીને આઝાદીના જંગમાં ઝંપલાવનારા દેશભક્તોએ જે બલિદાન આપ્યાં, લાંબા કારાવાસ વેઠ્યા તે શું આ દિવસ માટે?”

લક્ષ્મીના વશીકરણથી જાણે કોઈ મુક્ત નથી. સફેદ નાણાં અને કાળાં નાણાં

વચ્ચેની લક્ષ્મણરેખા ભૂંસાઈ રહી છે! પૈસા એટલે પૈસા! લક્ષ્મી એટલે લક્ષ્મી! કોઈ ગોરી, કોઈ સાંવરી!

એક જરૂરિયાત તરીકે પૈસા અનિવાર્ય ગણાય. પૈસાથી ઘણાંબધાં સારાં કામ થઈ શકે છે, પણ અત્યારે પૈસા પાછળની દોટ માત્ર નાની કે મોટી જરૂરિયાત માટે જ છે એવું કહી શકાય તેમ નથી. દરેક માણસ આંખો બંધ કરીને એની પાછળ દોડી રહ્યો છે. કોઈ પણ રીતે, કોઈ પણ રસ્તે નાણાં મેળવવાની આ ઘેલછા ખોટી નથી શું?

માણસો પૈસા પાછળ આંધળી દોટ મૂકે છે તેનું એક કારણ એ છે કે માણસો માને છે કે એનાથી ખૂબ સુખસગવડ મળે છે. પૈસા એ અનેક ઉપાધિનો ઇલાજ બની શકે છે! વળી જેની પાસે પૈસા હોય તેને લોકો પૂજે છે. પૂજે નહીં તો પણ તેની નિંદા કરતાં કરતાં પણ અંજાઈ ગયેલા લાગે છે!

દુનિયાનાં ચશ્માં બહુ વિચિત્ર છે! માણસ પૈસા પાછળ દોડે તો કહેશે એ માણસ પૈસા પાછળ ગાંડો છે! માણસ પૈસા ભેગા કરે – સંચય કરે તો લોકો કહેશે કે એનું માનસ મૂડીવાદી છે. પૈસા વાપરી નાખે તો કહેશે કે રંગીલો છે. માણસ પૈસા કમાઈ કે મેળવી ન શકે તો કહેશે તે તદ્દન નક્કામો માણસ છે. માણસ પૈસા મેળવવાની અવનવી યોજનાઓ ન ઘડે તો માણસો કહેશે કે એ મહત્ત્વાકાંક્ષા વગરનો છે! કંઈ કામ કર્યા વિના પૈસા મેળવે તો લોકો કહેશે કે એને તો પારકા પૈસે તાગડધિન્ના કરવા છે! આખી જિંદગી આકરી મહેનત કરીને માણસ પૈસા ભેગા કરે તો લોકો કહેશે કે મૂર્ખ છે – એણે જિંદગીમાં કંઈ ભોગવ્યું નહીં! વિક ઓલિવરે આ મતલબનું કહેલું છે.

મૂળ વાત પર આવીએ તો જેમની સામે ભ્રષ્ટાચારના આરોપ મુકાયા છે તેમનો ગુનો પુરવાર ન થાય ત્યાં સુધી નિર્દોષ ગણાય. ન્યાયનો આ મૂળભૂત સિદ્ધાંત છે, પણ જેમની સામે હજુ પણ આંગળી ઉઠાવાઈ નથી એ બધા નિર્દોષ જ છે તેમ પણ કહી શકાય તેવું નથી.

પૈસાની આ અનંત પ્યાસને કળિયુગનું લક્ષણ કહેવું? એ પણ સાચું નથી, કેમ કે માણસના લાંબા ઇતિહાસમાં વારંવાર આ પ્યાસ જોવા મળી જ છે. કરુણતા એ છે કે ઘણાબધા માણસો સ્વીકારે છે કે પૈસાથી કંઈ સુખ મળતું નથી. શાંતિ પણ મળતી નથી. છતાં એવો ઘાટ થાય છે કે માયા દેખી મુનિવર ચળે! માણસો જ્યારે કહે છે કે સવાલ પૈસાનો નહીં, સિદ્ધાંતનો છે ત્યારે પણ ખરેખર સવાલ પૈસાનો જ હોય છે!

છતાં એ હકીકત છે – અંગ્રેજી લેખક હેન્રી ફિલ્ડિંગ કહે છે તેમ – તમે પૈસાને પરમેશ્વરની જેમ પૂજો ત્યારે તે શેતાનની જેમ તમને પરેશાન કરે છે. નિબંધકાર જી. કે. ચેસ્ટરટને એવું કહ્યું છે, "જ્યારે માણસ સુવર્ણને ભૂલી જશે ત્યારે સુવર્ણયુગ આવશે."

ચિત્રકાર પાબ્લો પિકાસોએ એવું કહ્યું છે કે, "મને ગરીબ માણસની જેમ જીવવું ગમે – મારી પાસે પુષ્કળ પૈસા હોય તો!"

# સાચી દોલત

*There is no wealth but life.*

***- John Ruskin***

પંચામૃત

માણસ પ્રશ્ન કરે છેઃ જીવનનો અર્થ શું? આ પ્રશ્ન વિશે જેમણે થોડુંક પણ વિચાર્યું છે તેઓ સાદો જવાબ આપે છે. જીવનનો અર્થ એક જ છે. ભરપૂર જીવો. આ પૃથ્વી ઉપર જે અનંત જીવસૃષ્ટિ આપણે જોઈ રહ્યા છીએ તેનો ભેદ કોઈ ઉકેલી શકે તેમ નથી. એટલે જ શ્રદ્ધાળુ મનુષ્યો કહે છે કે ઈશ્વરની લીલા અપાર છે અને તેનું રહસ્ય પામવાનું મુશ્કેલ છે. માણસ ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે, આ બધું કોણે બનાવ્યું એવા પ્રશ્નોના જંગલમાં તો ભૂલા પડી જવાય એવું છે. એટલે સાચો માર્ગ એક જ છે કે માણસને જિંદગીની જે એક વારની અમૂલ્ય ભેટ મળી છે તે બરાબર માણવી. બરાબર જીવવું. બીજાઓને માટે જીવવું. એવી રીતે જીવવું કે અંત આવે ત્યારે નિરર્થકતાની નહીં, સાર્થકતાની લાગણી થાય.

સુખદુઃખના ચક્રથી કોઈ બાકાત નથી, પણ આપણે જોઈએ છીએ કે એક નાના બાળકથી માંડીને કિશોરો, યુવાનો, પ્રૌઢો અને વૃદ્ધો પણ હસતાં મોંએ આકરી પીડા સહન કરી લે છે. વિકટ પરિસ્થિતિમાં પણ હિંમત હારી ન જવી અને માણસે પોતાનું કર્તવ્ય બજાવવું એ જ સાચો રસ્તો છે.

આ સંસારમાં અનેક મનુષ્યોએ પોતાની જિંદગીને સુખદુઃખના ત્રાજવે તોળવાનો ઇનકાર કર્યો છે અને પોતાનું જીવન રાજીખુશીથી હાથ ધરેલી વિકટ ધર્મયાત્રા તરીકે જીવવાનું પસંદ કર્યું છે. બદરી – કેદારનાથ કે માનસરોવરની યાત્રાએ જનાર વ્યક્તિઓને અનેક સંકટ વેઠવાં પડે છે. કોઈ વાર દુર્ઘટનામાં પ્રાણ પણ જાય છે, પણ તેથી કરીને એ યાત્રા નિરર્થક બની જતી નથી. જે શ્રદ્ધાળુ છે તેને માટે તે સંપૂર્ણ સાર્થક જ છે. કોઈ પણ ધર્મની વ્યક્તિ માટે આ વાત સાચી છે.

ઈશ્વરમાં અખૂટ શ્રદ્ધા રાખવી અને એ શ્રદ્ધાનું આત્મશ્રદ્ધામાં રૂપાંતર કરવું એ જ માણસનો પુરુષાર્થ બની રહેવો જોઈએ. જિંદગીને સાર્થક રીતે જીવવી હોય તો શ્રદ્ધાનો કોઈ વિકલ્પ નથી.

ફ્રાંસના એક વારના પ્રમુખ ચાર્લ્સ દ' ગોલ માટે એવું કહેવાય છે કે એ ઈશ્વરને પ્રાર્થના કરતા ત્યારે કહેતા કે, "હે ઈશ્વર, તું મારામાં વિશ્વાસ રાખ!" આ આત્મશ્રદ્ધાનો અતિરેક પણ લાગે, પણ ઈશ્વરશ્રદ્ધા કોઈક વ્યક્તિની બાબતમાં આવી આત્મશ્રદ્ધારૂપે પ્રગટ થાય એવું બની શકે. ઈશ્વરશ્રદ્ધા અને આત્મશ્રદ્ધા એક જ સિક્કાની બે બાજુ છે. આત્મા ઈશ્વરનો અંશ જ છે અને ઈશ્વરની શ્રદ્ધાનું રૂપાંતર આત્મશ્રદ્ધામાં અને આત્મશ્રદ્ધાનું રૂપાંતર ઈશ્વરશ્રદ્ધામાં થતું જ રહેતું હોય છે. આત્મા અને પરમાત્મા વચ્ચે આ એક જીવંત વહેણ બની શકે છે.

લંકાના રાજા રાવણની જેમ તેની અનન્ય શિવભક્તિ અભિમાનના – અહંકારના અતિરેકમાં પરિણમે તો તે ખોટું છે.

અમદાવાદમાં લગભગ નેવું વર્ષની ઉંમરના એક ડૉક્ટર આજે પણ ગરીબોની સેવામાં ગળાડૂબ છે. પૈસાદાર નથી. તબિયતના પણ પ્રશ્નો હશે, પણ તેમના માટે જિંદગીનો મર્મ દુઃખી મનુષ્યોની સેવા એ જ છે. બીજી એક વૃદ્ધા કહે છે કે, "હું ભણી નથી, પણ એમ માનું છું કે કટાઈ મરવા કરતાં ઘસાઈ મરવું સારું!" કોઈકને માટે કંઈ ને કંઈ કરી છૂટવું. બીજા માણસને મદદ કરવાથી માણસનું મન પ્રસન્ન થાય છે. અમેરિકન વાર્તાકાર અર્નેસ્ટ હેમિંગ્વેએ એટલે જ કહ્યું છે કે, "હું માનું છું કે હું કંઈક કરું અને એ કર્યા પછી મનને સારું લાગે એ ધર્મ."

ભગવાન બુદ્ધે કહ્યું છે કે, "બધા જ જીવો પર જેને કરુણા જાગે એ મનુષ્ય ઉમદા છે."

માણસે આ જીવનમાં અને આ જગતમાં જ રસ લેવો જોઈએ. જવાહરલાલ નેહરુએ એવું કહ્યું છે કે, "મને આ જિંદગીમાં અને આ જગતમાં જ રસ છે. કોઈ બીજી દુનિયામાં કે મૃત્યુ પછીની જિંદગીમાં નહીં." ફિલસૂફ સોરેન કીર્કેગાર્ડે એવું કહ્યું છે કે, "જિંદગી એ કોઈ ઉકેલવા માટેનો કોયડો નથી – અનુભવવા જેવી વાસ્તવિકતા છે."

નિત્સે કહે છે કે, "આ જિંદગી એટલી ટૂંકી છે કે તેમાં કંટાળાને સ્થાન હોઈ ન શકે." એક વધુ દિવસ સવારે જાગવું એના જેવો અમૂલ્ય અનુભવ બીજો એકેય નથી.

કોઈકે કહ્યું છે કે, "મારા દાદા કહેતા હતા કે જીવવું એટલે કાંટાઓની વચ્ચેથી મધ ચાટવું!" કવિ રોબર્ટ ફ્રોસ્ટે એવું કહ્યું છે કે, "આ દુનિયા સાથે મારો ઝઘડો પ્રેમીનો ઝઘડો છે!"

સૌથી સારી વાત 'ગુલિવર્સ ટ્રાવેલ્સ'ના લેખક જોનાથન સ્વિફ્ટે કહી છે, "તમે તમારી જિંદગીના બધા જ દિવસો જીવો!"

વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇને કહ્યું છે કે, "જે માણસ પોતાની જિંદગીને અને બીજા મનુષ્યોની જિંદગીને અર્થહીન ગણે છે તે માણસ માત્ર દુઃખી જ નથી, કદાચ જીવવા માટેની યોગ્યતા પણ ધરાવતો નથી." જૉન ગાર્ડનરે કહ્યું છે કે, "જ્યારે લોકો સેવા કરે છે ત્યારે જિંદગી અર્થહીન રહેતી નથી."

જિંદગીમાં કંઈ અર્થ દેખાતો ન હોય તો તેમાં અર્થ ઉમેરવો – સાર્થક બનાવવી એ જ માણસનું કર્તવ્ય છે.

# બાળકો

*The modern child will answer you back before you have said anything.*

***- Laurence J. Peter***

દિવાળી નિમિત્તે એક યુવાન અમેરિકાથી થોડા દિવસ માટે પોતાનાં વૃદ્ધ માતાપિતાને મળવા આવ્યો. એણે હસતાં હસતાં કહ્યું, "મને અમેરિકા મોકલીને તમે તમારો અડધો દીકરો ગુમાવી દીધો. હજુ હું 'અડધો' તમારો છું અને 'અડધો' મારી પત્ની અને બે બાળકોનો છું, પણ અમેરિકા જઈને મેં તો મારાં બન્ને બાળકો ગુમાવી દીધાં છે. સોળ વર્ષની પુત્રી અને ચૌદ વર્ષનો પુત્ર બન્ને પુખ્ય વયે પહોંચવાની રાહ જ જોઈ રહ્યાં છે. મને સારું લગાડવા ખાતર પણ એ મીઠી વાણી બોલતાં નથી. બન્ને મને તથા મારાં પત્નીને અત્યારથી જ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે ઉંમરલાયક થતાંની સાથે જ અમે અમારો રસ્તો પકડી લઈશું. અમને તમારે તમારા બુઢાપાની લાકડી ગણવાની જરૂર નથી."

માત્ર અમેરિકાની જ આ વાત છે એવું નથી. અહીં પણ બાળકો હવે વૃદ્ધ માતાપિતાની કોઈ પણ જવાબદારી ઉઠાવવાનો સ્પષ્ટ ઇનકાર કરે છે. કોઈ-કોઈ કિસ્સામાં હજુ દીકરીનું દિલ થોડું પીગળે છે. બાકી કોઈ પણ પુત્ર કે પુત્રી પોતાના ખભા ઉપર વૃદ્ધ માતાપિતાનો બોજો ઊંચકવાની ઇચ્છા રાખતાં નથી. આમાં અપવાદો ઘણા હશે. પાંચ પૈસા આપી છૂટવાની તૈયારી જરૂર હશે, પણ શ્રવણની જેમ કોઈ માબાપને કાવડમાં બેસાડવા તૈયાર નથી.

ગરજ હોય ત્યાં સુધી જ માબાપની છત્રછાયા સ્વીકારવાનું આ વલણ અમેરિકનોમાં અને અમેરિકામાં વસતાં ભારતીય કુટુંબોની બાબતમાં જોઈને કોઈ કદાચ કહી શકે કે ભારતીયોને પણ અમેરિકાનો પવન લાગી ગયો છે, પણ આપણા દેશમાં પણ આ જ પ્રકારની હવા પ્રસરી ચૂકી છે.

એંસી વર્ષના એક વૃદ્ધને નાછૂટકે ભરણપોષણ માટે પુત્રની વિરુદ્ધ અદાલતના બારણે જવું પડ્યું. પુત્ર એક રાષ્ટ્રીયકૃત બૅન્કમાં અધિકારી છે. અદાલતે પિતાની તરફેણમાં ચુકાદો આપ્યો તો પુત્રે એનો સ્વીકાર કરવાને બદલે સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી. આંસુભીની આંખે વૃદ્ધે કહ્યું કે, "હું દિલ્હી કઈ રીતે જાઉં? વકીલને કઈ રીતે રોકું? દિલ્હી જવાની શક્તિ પગમાં નથી અને સર્વોચ્ચ અદાલતમાં મારો કેસ લડવાની મારી ત્રેવડ નથી!"

અલબત્ત, આનો અર્થ એવો નથી કે પોતાનાં બાળકોને ચાહવાં નહીં કે તેમનાં ભરણપોષણ અને શિક્ષણની જવાબદારી અદા ન કરવી. આનો સાચો અર્થ એટલો જ છે કે સંતાનમાં રામ કે શ્રવણ શોધવાની કોશિશ ન કરવી અને બહુ ઝાઝી અપેક્ષાઓ રાખવી નહીં. માબાપને પોતાનું લોહી મીઠું લાગે તે સ્વાભાવિક છે, પણ અનુભવે એ લોહી એટલું મીઠું ન નીવડે તો મનમાં કડવાશ એકઠી ન કરવી. દરેક પિતામાં ધૃતરાષ્ટ્રનો એક અંશ હોય છે અને દરેક માતામાં

ગાંધારીનો એક અંશ હોય છે. માબાપો સંતાનોનો દોષ જોઈ શકતાં નથી. પુત્ર અવગણના કરે તો તેનો દોષ તેની પત્નીના માથે નાખશે અને પુત્રી એવું કરે તો તેનો દોષ તેના પતિ કે સાસુસસરા કે નણંદને માથે નાખશે.

આપણે ત્યાં ટેલિવિઝન પર 'રામાયણ' અને 'મહાભારત'ની સિરિયલો જોઈને બાળકો તથા કિશોરો માતાપિતાને માનવાચક સંબોધન કરતાં થઈ ગયાં હતાં, પણ એ ફૅશન હજુ ચાલુ છે કે કેમ તેની ખબર નથી. છતાં આપણે એટલું સ્વીકારવું રહ્યું કે માતાપિતાનાં જીવનપર્યંત તેમની સેવાચાકરી કરનારાં સંતાનોની સંખ્યા આપણા દેશમાં નાનીસૂની નથી.

ફ્રાંકલીન પી. જૉન્સે એવું કહ્યું છે કે, "તમે બાળકો પાસેથી ઘણુંબધું શીખી શકો. સવાલ તમારામાં કેટલી ધીરજ છે તે જ છે!" એમણે એમ પણ કહ્યું છે કે, "બાળકો વિશે આગાહી થઈ શકે નહીં." લીઓ જે. બર્કે એવું કહ્યું છે કે, "જે લોકો એવું કહે છે કે અમે બાળકની જેમ ઊંઘી જઈએ છીએ એ લોકોને કોઈ બાળક જ ન હોવાનો સંભવ છે!"

જૉન વિલ્મોટે એવું કહ્યું છે કે, "હું પરણ્યો તે પહેલાં બાળકોને કેમ ઉછેરવાં એ અંગેની થિયરી મારી પાસે હતી. હવે મારે છ બાળકો છે, પણ એક પણ થિયરી નથી!"

ક્રિસ્ટોફર મોરલેએ એવું કહ્યું છે કે, "તમારાં બાળકો ઘર વ્યવસ્થિત રાખવા જેટલાં મોટાં થઈ જાય ત્યાં તો ઘરને અવ્યવસ્થિત કરનારાં પૌત્રપૌત્રીઓનું આગમન થઈ ચૂક્યું હોય છે."

ડ્યૂક ઑફ વિન્ડસરે એવું કહ્યું છે કે, "માબાપો કેટલી હદે બાળકોને આજ્ઞાંકિત બની જાય છે તે મેં અમેરિકામાં જોયું અને તેની પ્રબળ છાપ મારા પર પડી!"

હોડિંગ કાર્ટરે કહ્યું છે કે, "તમે તમારાં બાળકોને જે બે કાયમી ચીજો ભેટ આપી શકો છો તેમાં એક તો તમે તેને 'મૂળિયાં' આપી શકો છો અને બીજું તેને 'પાંખો' આપી શકો છો!"

ડીઓજિનસ લારટિયસે એવું કહ્યું છે કે, "મને કોઈએ પૂછ્યું કે તમે પિતા કેમ બનતા નથી ત્યારે મેં કહ્યું કે બાળકો મને ખૂબ ગમે છે એટલે!"

ફ્રેંચ નવલકથાકાર ફ્લોબેરે એવું કહ્યું છે કે, "મારો પોતાનો દીકરો? ના, ના, ના. મારે સંતાન નથી જોઈતું. મારા દેહ સાથે જ ભલે હું નાશ પામું. જિંદગીનો કંટાળો મારે કોઈને વારસામાં નથી આપવો."

"બાળકો સાથે સફળ રીતે કામ પાડવાની આવડતનું રહસ્ય એક જ છે –

તમારાં પોતાનાં કોઈ બાળકો જ ન હોય." એવું સેમ્યુઅલ બટલરે કહ્યું છે.

ફ્રેંચ વિચારક ડેનિસ હડિરોએ વળી એવું કહ્યું છે કે, "બધાં જ બાળકો ગુનાહિત વૃત્તિનાં હોય છે! "

ઇંગ્લૅન્ડના નાટ્યકાર જ્યૉર્જ બર્નાર્ડ શૉએ એવું કહ્યું છે કે, "હું બાળક તરીકે તોફાની બારકસ જ હોઈશ – બધાં જ બાળકો એવાં હોય છે."

ફિલસૂફ નિત્સે કહે છે કે, "દરેક માણસમાં એક બાળક છુપાયેલું હોય છે, જેને રમવાનું ગમે છે!"

હેરોલ્ડ હલબર્ટ કહે છે કે, "બાળકોને પ્રેમની જરૂર હોય છે – હકીકતે તેઓ તેને લાયક હોતાં નથી!"

"પાગલપણું વારસાગત છે – તમારાં બાળકો તે તમને આપે છે." એવું સામ લેવેન્સને કહ્યું છે.

અંગ્રેજી નિબંધકાર ફ્રાન્સિસ બેકને કહ્યું છે કે, "આ સંસારમાં નિઃસંતાન માબાપોના હાથે ઘણાં ઉમદા કાર્યો થયાં છે.

લૉર્ડ હેલિફેક્સ કહે છે કે, "તમારે તમારાં બાળકોની સાથેના વ્યવહારમાં પૂરી સાવધાની રાખવી પડે છે – તમે શત્રુઓની વચ્ચે ઘેરાયેલા હો એટલી!"

# કામનો માણસ

*"પચાસ વર્ષ સુધી દુનિયાને ચોખ્ખી કરવાનો પ્રયાસ કર્યા પછી ખબર પડી કે ધૂળ તો મારાં ચશ્માં પર હતી."*

**- ગ્રેહામ ગ્રીન**

પંચામૃત

એક માણસ બીજા માણસનો વિચાર પણ આજકાલ 'ઉપયોગ'ની દૃષ્ટિએ કરે છે. માણસ કેટલો 'ઉપયોગી' છે તે જ ખાસ જોવાનું! 'ઉપયોગ'ની વાત બાદ કરતાં તેની સાચી પરખ કે કિંમતનો ખ્યાલ બહુ ઓછો કરે છે.

આપણે સગા કાને સાંભળીએ છીએ. 'એ માણસને તમે ઓળખો છો?' એવા પ્રશ્નના જવાબમાં બીજો માણસ પૂછે છે કે 'કામનો માણસ છે?' માણસ કંઈક કામમાં આવે તો તે આપણે મન કીમતી! નહીંતર એ માણસ નકામો!

આપણે જોઈએ છીએ કે માણસોએ માણસના બે ભાગ પાડી દીધા છે. કામનો માણસ! નકામો માણસ!

'ઉપયોગ'ની આ નજરને લીધે માણસ-માણસ વચ્ચે સ્નેહના, આદરના અગર સદ્ભાવના નિખાલસ સંબંધો બંધાતા જ નથી. માણસ આજકાલ પોતાને કોણ કેટલો ઉપયોગી થઈ શકે તેમ છે એવો ખ્યાલ ખાસ કરે છે. નવી પેઢીને પણ એવી જ શિખામણ મળે છે કે કામના સંબંધો કેળવો. આ રીતે ભવિષ્યમાં ખપમાં લાગે તેવા સંબંધો કેળવવા પર જ ખાસ ધ્યાન આપવામાં આવે છે. કસોટીની ક્ષણે 'કામનો' માનેલો માણસ કશા કામમાં ન આવે તે વળી જુદી વાત! જ્યાં ને ત્યાં ઉપયોગી સંબંધો કેળવવાની વાત મુખ્ય બની જાય છે, પણ આ રીતે ઊપજાવી કાઢવામાં આવેલા સંબંધમાં કંઈ ભલીવાર હોતી નથી. માણસ-માણસ વચ્ચેના સંબંધો તો અંતરમાંથી ઊગવા જોઈએ. પછી તમે તેને સ્નેહસિંચન કરીને પોષો એ વાત જુદી છે.

કોઈ કશા કારણ વિના કરે તે આપણે માની શકતા નથી. કોઈક માણસ ખરેખર પરોપકારનું કામ કરે તો પણ આપણને શંકા પડે છે કે આમાં ઊંડે-ઊંડે તેનો કંઈક સ્વાર્થ હશે જ! કોઈ પણ પ્રકારના કશા સ્વાર્થ વગર કોઈ પણ માણસ કશું પણ કરે તે આપણા માન્યામાં જ નથી આવતું.

એક મિત્ર એક સંબંધીને પ્રેમથી માત્ર મળવા માટે જ ગયા, પણ મળ્યા પછી કંઈક વ્યથિત થઈ ગયા. મિત્રે કહ્યું કે હું તો ઉમળકાભેર મળવા ગયો હતો. મારે કશું જ કામ નહોતું, પણ સંબંધી વારંવાર પૂછતા જ રહ્યા – "કંઈ કામ તો નથી ને? કંઈ કામ હોય તો કહી દો! કામ થઈ શકે તેમ હશે તો કરી આપીશ. નહીંતર 'ના' પાડીશ. મને ઘણા લોકો મળવા આવે છે. મારો ઘણો સમય લે છે. મીઠી-મીઠી વાતો કરીને પછી ફેરવી – ઘુમાવીને મૂળ વાત પર આવે છે. જોકે તમારી બાબતમાં હું એવું માનતો નથી. તમે તો મને જરૂર સીધું જ કહી શકો છો. હજુ ફરી વાર તમને પૂછું છું, કંઈ કામ તો નથી ને?"

મિત્રે કહ્યું કે, "મને તો જમીન મારગ આપે તો સમાઈ જવાનું મન થયું! કશા કામ વગર, ખાસ કંઈ સ્વાર્થ વગર એક માણસ બીજા માણસને ન મળે? આપણી બધાની નજર કેમ આવી થઈ ગઈ છે? દરેક ભેટવા આવતા માણસમાં આપણને કેમ કાં એક અરજદાર અને કાં એક યાચક દેખાય છે?"

વાત તો સાચી છે, પણ માણસ આ રીતે વિચારતો થઈ ગયો છે. તેના મૂળમાં પણ કોઈ ને કોઈ કડવા અનુભવો પડ્યા હોય છે તે હકીકત પણ આપણે સ્વીકારવી જોઈએ. ઘણાબધા માણસો કામ પૂરતા અને ગરજ પૂરતા સંબંધો રાખે છે એટલે માણસ આ રીતે વિચારતો થઈ જાય તો તેમાં નવાઈ શી?

તમારે કંઈક કામ પડે ત્યારે સામા માણસની પરખ પણ થઈ જાય છે તે આપણે જાણીએ છીએ. બનતા સુધી સંત તુલસીદાસે જ એવું કહ્યું છે કે, "સારો જગ બહુ સરસ હૈ જબ લગ પડ્યો ન કામ!"

કામ ન પડે ત્યાં સુધી આ દુનિયાના માણસો બહુ સારા છે. તમારે કામ પડે ત્યારે કોણ આગળ આવે છે તે જોવાનું રહે છે. તમે કંઈક કામ લઈને જાઓ એટલે પેલો માણસ કહેશે કે એ મારું કામ નહીં. કામ તો એનાથી થઈ શકે તેવું હોય તો પણ એ હાથ ઊંચા કરી દે છે. એટલે માણસને થાય છે કે દુનિયા બહુ જ સ્વાર્થી છે. આ એક વિષચક્ર છે.

માણસનું કામ કરે તે માણસ અને એ જ કામનો માણસ. કશા જ કામ કે સ્વાર્થ વગર માણસ-માણસ સાથે સ્નેહસંબંધ રાખે તે સાચો માણસ. પોતાના કોઈ હેતુ કે સ્વાર્થનો વિચાર કરીને તમે સંબંધ બાંધો અને સામા માણસને 'કામનો' ગણી લો, પણ કસોટી આવે ત્યારે તમારે માટે એ 'નકામો' પુરવાર થાય એવું બને.

તમે જેને 'નકામો' અને 'ત્રેવડ વગરનો' માણસ માન્યો હોય તે માણસ ભીડની ક્ષણે તમારી મદદમાં આવે, તમારી પડખે ઊભો રહે તે જ ખરેખર 'કામનો માણસ' કહેવાય.

માણસની પરખ કરવામાં આ જ રીતે આપણે નિષ્ફળ જતા હોઈએ છીએ. જરૂર પડ્યે કામમાં આવશે એમ માનીને અમુક વ્યક્તિ જોડે સંબંધ બાંધવાની સ્વાર્થવૃત્તિથી દોરવાઈએ છીએ અને આવી રીતે વિચારીને બાંધેલો સંબંધ ખરી કસોટીમાં કશા કામમાં આવતો નથી! એથી ઊલટું જેના દ્વારા આપણું કશું જ કામ થઈ નહીં શકે એવું જેના વિશે આપણે માન્યું હોય, તે માણસ અમીર ન હોય, ત્રેવડવાળો પણ ન હોય તો પણ તે ભીડના – કસોટીના પ્રસંગે વગર

કહ્યે ખપમાં આવે તેવું બને છે.

એટલે માણસ ‘કામનો’ છે ગણીને સંબંધ બાંધવો નહીં – સંબંધ ખાતર સ્નેહસંબંધ બાંધવો. આખરે માણસ ખરેખર ‘કામનો’ છે કે ‘નકામો’ છે તે કસોટીની ક્ષણે જ ખબર પડે છે.